| | | | |
|---|---|---|---|
| GJKT090006012026 | सत्यमेव जयते | કેસ રજુ તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ |
| | | કેસ રજીસ્ટર તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ |
| | | કેસ ફેસલ તારીખ | ૧૧/૦૮/૨૦૨૬ |
| | | સમયગાળો | વર્ષ ૦૦ / માસ ૦૪ / દિવસ ૨૪ |

---

**ભચાઉના નામદાર અધિક સીનીયર સિવીલ જજ તથા**
**અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુકામ–ભચાઉ–કચ્છ.**

---

| | | |
|---|---|---|
| **ફોજદારી કેસ નં.** | **:** | **351/2026** |
| | | આંક– |

| | | |
|---|---|---|
| ફરીયાદી | : | શ્રી સરકાર |
| | | **વિરુદ્ધ** |
| આરોપી | : | ભાયચંદજી વીરચંદજી ઠાકોર,<br>ઉ.વ.–૪૪, વ્યવસાય–ખેતી.<br>રહે.કામલપુર, તા–રાધનપુર–પાટણ |
| ગુનો | : | ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ :૬૫(એ)(એ),૧૧૬(બી), ૮૧ મુજબ |

---

| | | |
|---|---|---|
| ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી | : | એસ.આર.સૈયદ |
| આરોપીપક્ષ તરફે વિ.વકીલ શ્રી | : | પી.એમ.ડુંગરીયા |

---

**–::જજમેન્ટ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા–૩૦/૦૬/૨૦૨૪ નારોજ પોતાના ઘરની આગળ રાખેલ જુવાળના

પુળા નીચે વાઈટ લેક વોડકા દારૂના કાચના ૧૮૦ એમ.એલ ના કવાટરીયા નંગ–૭૮ કિમત રૂ.૭૮૦૦/–, તથા બીયર ટીન ૫૦૦ એમ.એલ ના ટીન નંગ–૬ કિમત રૂ.૬૦૦ એમ કુલ રૂ. ૮૪૦૦/ નો પ્રોહી મુદામાલ રાખી તપાસ દરમ્યાન આરોપી પકડાઈ જઈ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ :૬૫(એ)(એ),૧૧૬(બી), ૮૧ મુજબનો ગુનો કરેલ હોય ગુનો નોંધી ગુનાનું ચાર્જશીટ સામાખીયાળી પોલીસ તરફથી રજુ કરવામાં આવેલ છે.

(૨) ચાર્જશીટ દાખલ થયેથી આરોપીને અત્રેની અદાલતમાં હાજર રહેવાનાં સમન્સ કરતાં જે તેઓને બજી જતાં આરોપી હાજર થતાં, પોલીસ તપાસના કાગળોની નકલો વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ છે. આ કેસ અત્રેની કોર્ટમાં ચલાવવાની સત્તા છે તે બાબતે બન્ને પક્ષો વચ્ચે કોઈ તકરાર નથી. વધુમાં, **નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા ક્રિમી.મીસી. એપ્લીકેશન નં.૮૮૯૨/૨૦૧૮ જયંતીભાઈ મગનભાઈ ડામોર વિરૂદ્ધ ગુજરાત રાજય**ના ચુકાદામાં આ પ્રકારના કેસ ચલાવવાની સત્તા હોઈ આ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. આરોપી સામે તહોમતનામું ફરમાવ્યાં બાદ પ્લી નોંધતાં, આરોપીએ તેમની સામેના હાલના ગુનાનો ઈન્કાર કરતાં કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

## –: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ કપીલભાઇ શંકરભાઇ સુંબળ | ૬ |
| ૨. | પંચનામું | ૭ |

| | | |
|---|---|---|
| ૩. | પંચ સાહેદ સહદેવભાઇ પરષોતમભાઇ સુંબળ | ૮ |
| ૪. | ફરિયાદી કેતનકુમાર કાન્તીભાઇ પ્રજાપતિ | ૧૨ |
| ૫. | ફરિયાદ | ૧૩ |
| ૬. | સાહેદ શીલ્પાબેન ભવાનભાઇ | ૧૪ |
| ૭. | સાહેદ પ્રહલાદજી લાખાજી મકવાણા | ૧૫ |
| ૮. | સાહેદ ભવાનભાઇ મેમાભાઇ ચૌધરી | ૧૭ |
| ૯. | ડેપ્યુટ હુકમ | ૧૮ |

(૪) ઉપરોકત પુરાવા સિવાય ફરીયાદપક્ષ તરફે વધુ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને રજુ કરવા માટે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. ફરીયાદપક્ષનો પુરાવો નોંધ્યાબાદ ક્રિ.પ્રો.કો.કોડ કલમ–૩૧૩ અન્વયે તહોમતદારનું વિશેષ નિવેદન નોંધતા તહોમતદારે તેમના વધારાના નિવેદનમાં ગુનાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને તેઓ નિર્દોષ છે અને ફરીયાદીએ ખોટી ફરીયાદ આપેલ છે તેવી રજુઆત કરેલ છે અને આ સિવાય અન્ય કોઈ હકીકત જણાવેલ નથી. તહોમતદાર તરફે બચાવમાં કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ બન્ને પક્ષકારોની દલીલો સાંભળી કેસ આખરી નિર્ણય માટે રાખવામાં આવેલ છે.

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં–(૧)** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા–૩૦/૦૬/૨૦૨૪ નારોજ પોતાના ઘરની આગળ રાખેલ જુવાળના પુળા નીચે વાઈટ લેક વોડકા દારૂના કાચના ૧૮૦ એમ.એલ ના કવાટરીયા નંગ–૭૮ કિમત રૂ.૭૮૦૦/–, તથા બીયર ટીન ૫૦૦ એમ.એલ ના ટીન નંગ–૬ કિમત રૂ.૬૦૦ એમ કુલ રૂ. ૮૪૦૦/ નો પ્રોહી મુદામાલ રાખી તપાસ દરમ્યાન આરોપી પકડાઈ જઈ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫(એ)

(એ),૧૧૬(બી), ૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં– (૨)** શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.(૧) : નકારમાં.
મુદ્દા નં.(૨) :આખરી હુકમ મુજબ.

**<u>– : : કારણો : :–</u>**

(૭) આ કામે ફરીયાદપક્ષ તરફે પંચ સાહેદોને સોગંદપર તપાસવામાં આવેલા છે. સદરહું પંચોએ પંચનામામાં સહી સિવાયની હકીકતોને સમર્થન આપેલ નથી અને ફરીયાદપક્ષે (વિમુખ)હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને ફરીયાદપક્ષે કરાયેલ ઉલટતપાસમાં પણ પંચનામાને સમર્થનકારી હકીકત રેકર્ડ પર આવેલ નથી. આમ, આ કામે રજુ પંચનામાના પંચોના પુરાવાથી પંચનામાની હકીકતો તેની વિગતે પુરવાર થતી નથી.

(૮) ફરિયાદપક્ષે રેઇડમાં સામેલ ફરિયાદી, તથા ત.ક.અ. કે જેઓ પોલીસ સાહેદો હોય તેમજ રેઇડ દરમ્યાન હાજર હોય તેઓનો સંયુકત પુરાવો મુખ્યત્વે જોવામાં આવે તો, તેઓએ પુરાવો આપેલ છે કે, તેઓ ફરજ પર હાજર હતા દરમ્યાન તા.૩૦.૬ ૨૪ નારોજ અમો સામખીયારી પો.સ્ટે.વિસ્તારમાં સરકારી વાહનથી પેટોલીગમાં હતા તે સમયે મારી સાથે યુ.એચ.સી.અલ્પેશભાઈ હરીભાઈ તથા પો.કોન્સ અશોકભાઈ જોશી તથા વુ.પો.કોન્સ.ટીનાબેન ડાયાભાઈ વિગેરે પો.સ્ટાફના માણસો સાથે હતા તે સમયે ફરતા ફરતા લલીયાણા ગામના બસ સ્ટેન્ડ પાસે આવતાં અમોને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે કેણુભા કાથુભા જાડેજા રહે લલીયાણા દરબાર વાસ તે પોતાના રહેણાક મકાનમાં ભારતીય બનાવટનો વિદેશી દારુ રાખે છે તેવી બાતમી હકીકત મળતાં સાથેના પો.હેડ કોન્સ. અલ્પેશભાઈને જાણ કરતાં

તેઓએ અમોને બે રાહદારી પં ચોને બોલાવાનુ કહેતાં અમોએ બે રાહદારી પંચોને બોલાવી લાવેલ તેમજ પોલીસ સ્ટાફ તથા પંચોની અરસ પરસ અંગ જડતી કરતાં હકીકત વાળી જગ્યાએ જઈ તપાસ કરતાં તેના મકાનના ખુલા આંગણામાં જુવારના પુળા નીચે વાઈટલેસ વોડકાના કવાટર્સ કુલ–૭૮ મળી આવેલ જેની કુલ કી ૭૮૦૦ નો મળી આવેલ તેમજ બીયર ટીન–૬ જેની કુલ કી.રૂા. ૬૦૦ ગણી કુલ કી.રૂા. ૮૪૦૦ નો પ્રોહી મુદામાલ મળી આવેલ આ મળી આવેલ પ્રોહી મુદામાલ માથી એફ.એસ.એલ.તપાસ અર્થે એક એક બોટલ બ્રાન્ડ વાઈજ અલગ કરી કબજે કરેલ અને બાકીનો પ્રોહી મુદામાલ તપાસ અર્થે કબજે કરેલ. આ કામનુ પંચનામુ સાથેના પો.હેડ કોન્સ અલ્પેશભાઈએ કલાક–૨૦:૧૫ થી ૨૧:૧૦ સુધીનુ પંચોની રૂબરૂમાં કરેલ. આ કામે સરકાર તરફે ફરિયાદીએ આંક–૧૩ વાળી ફરીયાદ આપેલ જેમાં તેમની સહી ઓળખી બતાવી તેમજ આ કામના પોલીસ સાહેદોને કરેલ કામગીરી મુજબનો પુરાવો આપેલ. બાદમાં આ કામના ત.ક.અ.ને ગુનાની તપાસ મળતા તેમણે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા મળતા ગુનાનું ચાર્જશીટ કરેલ હોવા બાબતેનો પુરાવો આપેલ છે.

– જયારે બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો, એ વાત ખરી છે કે, મે મારી ફરીયાદમાં કે સરતપાસમાં કયા સરકારી વાહનથી રેઈડ કરવા ગયેલ નથી. એ વાત ખરી છે કે અમો સામખીયારી કલાક–૧૯:૩૦ પેટોલીગમાં નીકળેલા. અમો પો.સ્ટે.થી જુના બસ સ્ટેન્ડ તેમજ ત્યાંથી મેઈન બજાર થઈને લલીયાણા બાજુ પેટ પેટોલીગ સમય દરમ્યાન બીજા કોઈ પ્રોહી અંગેના કેશ કરેલ નહી. સામખીયારી ગયેલા. અમોએ આ એ વાત ખરી છે કે સદર કામે પ્રથમ પંચનામું કરવામાં આવેલ ત્યારબાદ ફરીયાદ કરવામાં આવેલ. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં કે સરતપાસમાં પંચોના નામ જણાવેલ નથી. એ

વાત ખરી છે કે મારી હાજરીમાં આરોપીના બનાવ વાળી જગ્યાના માલીકી અંગેના કોઈ આધાર પુરાવા કબજે કરેલતે સિવાયની હકીકતો નો ઈન્કાર કરેલ છે.

(૯) ઉપરોકત તપાસવામાં આવેલા પંચો સિવાયના સાહેદ પોલીસ સાહેદ છે.આ કામે ફરીયાદીએ જણાવેલ છે કે,પંચોની હાજરીમાં રેડ કરી મુદ્દામાલ વિદેશી દારૂ કબજે કરેલ,પરંતુ આ કામે જે પંચોને તપાસવામાં આવેલા છે તેઓએ પંચનામાની હકીકતને કે બનાવની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને આ પંચોએ જુબાનીમાં જણાવેલ છે કે, તેઓની પોલીસે તૈયાર પંચનમામાં સહી લીધેલ અને પંચનામાં અંગે કોઈ માહિતી નથી. આ પંચોની જુબાનીથી પંચનામાની કાર્યવાહી તથા ઝડતી અને જપ્તી કાર્યવાહી પુરવાર થતી નથી. રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામે બનાવવાળી જગ્યાએ સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી રહે તેમ હતાં તેમ છતાં ત.ક.અ. એ કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજુ કરેલ નથી ત્યારે આ સંજોગોમાં માત્ર રજુ પોલીસ સાહેદની જુબાનીના આધારે આરોપીને ગુનાની હકીકત સાથે સાંકળવા ન્યાયીક જણાતું નથી.

– આ તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટનો **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ સુરેશભાઇ એસ. પટેલ જી.એચ.જે ૨૦૧૧ ભાગ ૨૬ પાના નં. ૧</u>** નો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો, તેમાં નામદાર હાઈકોર્ટે ઠરાવેલ કે જો મૌખીક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ (વિમુખ) હોસ્ટાઇલ જાહેર થવાથી પણ પઝેશન–જડતી અને જપ્તીનાં પ્રોહીબીશનનાં કેસ Beyond reasonable doubt પુરવાર થઇ શકે નહી અને નામદાર હાઈકોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકરતાં ચુકાદાને યથાર્થ ઠેરવેલ. સદર કેસમાં પંચોએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી ખુદ ફરીયાદપક્ષ તે નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, કથીત મુદ્દામાલ આરોપીના સભાનપણાના કબજા

Exclusive and Conscious Possession માંથી કબજે લેવાયેલ છે કે કેમ? આ કામે થયેલ જડતી અને જપ્તીની પ્રક્રિયા પણ શંકાસ્પદ થયેલ હોવાનું જણાય છે જેથી તેનો લાભ આરોપીને આપવાપાત્ર થાય છે.

– વધુમાં, **નામદાર સુપ્રિમકોર્ટે ૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં. ૮૫ પ્રિસ્દ્ધ કેસ સતીષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશનના** ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રતીપાદિત કરેલ સિદ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ ન હોય ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાની ફોર્માલિટી પુરી કરવી જરૂરી નથી.નામદાર અદાલતે નિરીક્ષણ કરેલ કે....

When Judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court Should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

હાલના કેસમાં મુખ્ય મહત્વના પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાથી પણ ક્રિમીનલ Jurisprudence મુજબ કેસ નિ:શંક પુરાવાથી પુરવાર થઈ શકે તેમ નથી.

(૧૦)આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં સાંકળી તકસીરવાન ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ હોઈ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાં ન્યાયોચિત જણાતું હોઈ, **મુદ્દા નં.૧** નો નિર્ણય **નકાર**માં આપી **મુદ્દા નં.૨** પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-::હુકમ::-**

(૧).આ કામના આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ :૬૫ (એ)(એ),૧૧૬(બી),૮૧ મુજબના ગુનામાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૭૧(૧)અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨).મુદ્દામાલ પ્રોહીનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

(૩).આરોપી તરફે અગાઉ આપેલ જામીન ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ-૪૮૧અન્વયે આ હુકમથી ૬(છ) માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

- હુકમ આજરોજ તારીખ :-૧૧મી, માહે :-ઓગસ્ટ, સને :- ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ :- ૧૧/૦૮/૨૦૨૬<br>સ્થળ :- ભચાઉ.<br><br>S.G.SONARA... | (એન.આર.પટેલ)<br>અધિક ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ<br>ભચાઉ@ કચ્છ.<br>(કોડ નં.જીજે૦૧૪૧૭) |